# GREENLAWNS HIGH SCHOOL

MUMBAI - 400036

For the Terminal Examination Year 2023 Time: 2 hrs

Std: VI Sub: Gujarati 2 Lang Date: ______________ Marks: 80

Name: ________________________________________ Roll No. ______________

## વિભાગ અ

પ્રશ્ન ૧ - નીચે આપેલા વિષયો માંથી કોઈ પણ એક વિષય પર નિબંધ લખો (૧૦)

૧. ૧૫ મી ઑગસ્ટ
૨. મારું સુંદર ગામ
૩. શિયાળો

પ્રશ્ન ૨. નીચે આપેલ વિષયો માંથી કોઇ પણ એક વિષય પર પત્ર લખો. (૮)

૧. તમારી માતા એ જન્મદિવસે ભેટ મોકલી હતી તેમનો આભાર માનતો પત્ર લખો.

૨. નાના ભાઇ ને રમવાનું મહત્વ સમજાવતો પત્ર લખો.

પ્રશ્ન ૩. ગદ્યખંડ વાંચી સવાલ ના જવાબ લખો. (૧૦)

સોમાભાઇ નામે એક માણસ હતા. તેને એક છોકરી. તેનું નામ રૂપા. રૂપા બહાદુર હતી. માતા ન હોવાથી પિતાની સેવા કરતી. સોમાભાઇ રેલવેની ફાટક ખોલવા-બંધ કરવાનું કામ કરતા. એક દિવસ તે બીમાર પડયા.

રૂપા પિતાનું કામ સંભાળવા લાગી. એક દિવસ સાંજે રૂપા ઘરના ઓટલા પંર બેઠી હતી. તેણે જોયું તો બે-ચાર માણસા રેલવેના પાટા પર કઈ કરતા હતા. તેણે બૂમ પાડી એટલે માણસો ભાગી ગયા. રૂપાએ ત્યાં જઈ જોયું તા પાટા છૂટા હતા.

તેણે દૂરથી ગાડી આવતી જોઇ. કોઇને મદદ માટે બોલાવવાનો સમય ન હતો. તે પાસેના ખેતરમાં જઈ ઘાસ લાવી.

પાટાની બાજુમાં ઘાસ મૂકી સળગાવ્યું પછી પેત્તાનું લાલ ફરાક ઉત્તારી હલાવવા લાગી. ગાડીના ડ્રાઇવરે અજવાળામાં લાલ વસ્તુ ફરકતી જોઇ. છૂટા પાટા નજીક ગાડી અટકાવી ગાડી ઊભી રહેતાં ડ્રાઇવર અને મુસાફરો નીચે ઊતર્યા. રૂપાએ તેઓને છૂટા પડેલા પાટા બતાવ્યા.

ડ્રાઈવરે રૂપાની બહાદુરી જોઇ તેને શાબાશી આપી. તેના પિતાને આ વાતની ખબર પડી. તેઓ રૂપાને ભેટી પડયા, તેની આંખમાં અનંદના આંસુ આવ્યાં.

૧. સોમાભાઇ શેનું કામ કરતા હતા?
૨. ગાડીને અટકાવવા રૂપાએ શું કર્યું?
૩. રૂપાએ કયું સારું કામ કર્યું?
૪. ડ્રાઈવરે રૂપાને શા માટે શાબાશી આપી?
૫. ગદ્યખંડ ને શીર્ષક આપો.

પ્રશ્ન ૪. સુચના પ્રમાણે લખો.

ક. સંજ્ઞા ઓળખી પ્રકાર લખો. (૨)
૧. હું ડાયરો જોવા ગયો હતો.
૨. સોનલ ને સોનું પહેરવું બહુ ગમે.

ખ. વચન બદલી લખો. (૨)
૧. પક્ષી પોતાનો માળો બનાવે છે.
૨. વાવના પગથિયાં સાંકડા હોય છે.

ગ. નીચે આપેલી ખાલી જગ્યા માં વિભક્તિ ભરો. (૨)
૧. પહેલું ભાવેશ ____________ ઘર છે.
૨. નેહલ રમેશ ____________ બહેન છે.
૩. પ્રિતેશ ઉમેશભાઇ ____________ વિદ્યાર્થી છે.
૪. રમીલા બહેનને વાંચવા ____________ બહુ ગમે છે.

ઘ. સર્વનામ શોધી લખો. (૨)
૧. આ રમકડાં માં તને શું ગમ્યું?
૨. કોણ છો તમને કોનું કામ છે?
૩. આપણે એક બીજાનું ધ્યાન રાખવું જોઇએ.
૪. દરેક એ કાલે શાળા માં આવવાનું છે.

ચ. લિંગ બદલી લખો. (૨)
૧. પતિ
૨. ટોપલો
૩. માતા
૪. મસા

છ. કાળ બદલી વાક્ય ફરી લખો. (૨)
૧. અમે ફરવા ગયા હતા. (ભવિષ્ય કાળ)
૨. સોમવાર એ મારી સખી મુંબઇ આવશે. (ભૂત કલ)

## વિભાગ બ

પ્રશ્ન ૧. નીચે આપેલા શબ્દો ના અર્થ લખો. (3)
૧. કુંડાળું
૨. સહાય
3. ખેડૂત

પ્રશ્ન ૨. નીચે આપેલા વિરોધી લખો. (3)
૧. તાજો
૨. ક્રૂર
3. સંપ

પ્રશ્ન 3. નીચે આપેલા શોબ્દો ની જોડ સુધારી ફરી લખો. (3)
૧. ધિગાણા
૨. શનશોધન
3. શીકકા

પ્રશ્ન ૪. નીચે આપેલા શબ્દ પરથી વાક્ય બનાવો. (3)
૧. વસ્તી
૨. પ્રકાશ
3. જીવન

પ્રશ્ન ૫. નીચે આપેલં વાક્યો કોણ બોલે છે કોને કહે છે. (3)
૧. "તમે ઉનાળા માં કેરી ખાઓ છો?"
૨. "તમે સભા માં શું બોલ્યા?"
3. "કેમ હાસ્ય?"

પ્રશ્ન ૬. એક શબ્દ માં જવાબ લખો. (૫)
૧. શહેર ની સડકો સેની બનેલી હોય?
૨. વલ્લભ ભાઈ નું હૈયું કેવું હતું?
3. અડાલજ વાવ માં અંદર મંડપ ઉપર કયા આકાર નું ઘુમટ છે?
૪. અંબે માં રાસ કેવી રીતે રમે છે?
૫. અમારી કામધેનુ પાઠ ના લેખક કોણ છે?

પ્રશ્ન ૭. એક બે વાક્ય માં જવાબ લખો. (૫)
૧. બાળક ને કેવા રસ્તા પર ચાલવું છે? અને કોના આંસુ લૂછવા માંગે છે?
૨. બોડી ગાય પોતાને સ્વચ્છ કેવી રીતે રાખતી?
3. નગર શેઠ એ ગરીબ માણસ ને શું સજા આપવા કહ્યું?
૪. સાપુતારા માં આદિવાસીની કઈ સંસ્કૃતિ જોવા મળે છે?

7C
GM-Guj

૫. વલ્લભ ભાઈ એ આપણ ને શું શીખવ્યું છે?

પ્રશ્ન ૮. નીચે આપેલ સવાલ ના જવાબો પૂરા વાક્ય માં લખો.
૧. અશોક ના શિલા લેખોની માહિતી આપો. (3)
૨. ગોબર ગેસ એટલે શું? ગોબર ગેસ ના ફાયદા લખો. (3)
૩. બોડી ગાયની વિશેષતા લખો. (3)

પ્રશ્ન ૯. નીચે આપેલી કાવ્ય પંક્તિ પૂર્ણ કરો. (૬)
થાય છે થઈથઈકાર.....
ચાલી રહી છે વણજાર!